

# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

'શ્રીમદ્ ભગવદ્ ગીતા' પારાયણ,
અનુપમ મિશન, ઉપાસનાધામ, અમદાવાદ,
૨૮ જાન્યુઆરી, ૨૦૧૮

**આજે** અર્જુનને 'અક્ષરબ્રહ્મ' વિશે જાણવાની જિજ્ઞાસા થાય છે. પહેલા દિવસે વાત કરી હતી એ પ્રમાણે પૂ. ભદ્રેશ સ્વામીએ આપણને અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની વાત સમજાવી ને સ્થાપિત કરી આપી. પરંતુ, એ અક્ષરબ્રહ્મની વાત ભગવાન શ્રી કૃષ્ણએ સદીઓ પહેલાં અર્જુનની જિજ્ઞાસા સંતોષવા માટે સમજાવી છે.

આઠમો અધ્યાય – 'અક્ષરબ્રહ્મ યોગ' છે. હું એનું અર્થઘટન એવી રીતે કરીશ કે, ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું કે, 'મારામાં જોડાયેલો રહે, મારામય બન અને મને પામ.' પણ અહીંયાં અક્ષરબ્રહ્મની વાત કરીને એક વાત એવી સમજાવી, કે જે આપણને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અને વર્તમાનકાળે આપણાં પ્રગટ ગુણાતીત સ્વરૂપો સમજાવી રહ્યાં છે એ વાત પ્રમાણે, 'ભગવાનની સાથેનો યોગ કરવો મુશ્કેલ છે, એટલે ભગવાનને ધારીને ભગવદ્‌રૂપ, ભગવદ્‌સ્વરૂપ બનીને જે જીવી રહ્યા છે એવા ભગવાનના સંત સાથે યોગ જોડો.' એ થોડું સહેલું કામ છે. જેને આપણે ગુરુ થકી વિદ્યા પ્રાપ્ત કરવાનું કહીએ છીએ. ભગવાનને જાણવા તો ભગવાનના સંત થકી જાણવા. અને એવા 'સંત' બનવાની વાત ભગવાન અર્જુનને સમજાવી રહ્યા છે.

અક્ષરબ્રહ્મ યોગનું સાદું અર્થઘટન આપણી રીતે કરીએ તો તે એમ છે કે, ભગવાન સાથે જોડાવા માટે પહેલાં ભગવાનના રૂપ થયેલા જે સંત છે તેમની સાથે જોડાઈએ. અને એ થોડું સહેલું પડે, કારણ કે તેઓ આપણા જેવા હોય અને આપણી વાત સમજી શકે. આગળ વિરાટ સ્વરૂપે ભગવાને જે દર્શન આપ્યાં છે એનું વર્ણન આવશે. 'બધું મારામાંથી ઉત્પન્ન થયું છે અને બધું મારામાં સમાઈ જાય છે.' – એવું વિરાટ અને વિકરાળ સ્વરૂપ જોઈને અર્જુન પણ થરથર કાંપે છે. તો એમની સાથે જોડાયેલા રહેવું અને એમના સ્વરૂપનો મહિમા સમજવો, એના માટેનું પગથિયું છે : 'સંત થકી પ્રભુને પામવા.' – એને 'અક્ષરબ્રહ્મ યોગ' કહે છે.

જિજ્ઞાસુ અર્જુન ભગવાનને વારેવારે જુદા જુદા પ્રશ્નો પૂછે છે. જુદી જુદી રીતે ભગવાનના સ્વરૂપને જાણવાનો, સમજવાનો પ્રયત્ન કરે છે. એમ આઠમા અધ્યાયમાં શ્રી અર્જુન ઉવાચ : *'હે પુરુષોત્તમ ! એ બ્રહ્મનું સ્વરૂપ શું છે ? અધ્યાત્મ શું છે ? કર્મ શું છે ? વળી અધિભૂત અને અધિદૈવ કોને કહેવાય ?'*

આમાં 'અધિભૂત' અને 'અધિદૈવ' એવી ઘણી બધી અધ્યાત્મ વાતો ભગવાન અર્જુનને સમજાવે છે, શિખવાડે છે. પણ ટૂંકમાં કહીએ તો, ભગવાનરૂપ થયેલા – જેને આપણે 'અક્ષર' કહીએ છીએ તેવા સંત થકી પુરુષોત્તમને પામીએ ; એ વાત આ 'અક્ષરબ્રહ્મ યોગ' અધ્યાયમાં સમજાવી છે. ફરી ફરી યાદ દેવડાવીએ કે, 'યોગ' એટલે શારીરિક કસરત નહીં, 'યોગ' એટલે એમની સાથે સતત જોડાયેલા રહેવું. 'મારામાં જોડા, મારામય થા અને મને પામ' એ વરદાન ભગવાન શ્રી કૃષ્ણનું સાકાર કરવા માટે આજે આપણે આ અક્ષરબ્રહ્મની વાતને સમજીએ છીએ.

વીર વ્રતધારી બનવાની વાત પણ આગળ ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને સમજાવી છે. કાયરતાથી નહીં, પણ પ્રભુનું ભજન વીરતાપૂર્વક કરવાનું છે. ભગવાને આશીર્વાદ આપ્યા છે કે, 'મારી જે ભક્તિ કરે છે તેનો કદી નાશ થતો નથી. એ સદા સનાતન, સદાકાળ મારામાં રહે છે અને મને પામે છે.'

બધી જ પ્રકારનું જ્ઞાન ભગવાન પાસેથી એક દિવસમાં મેળવી લેવાની ઉતાવળ અર્જુનને છે. આમ તો આ સંવાદ એક જ દિવસનો છે – પહેલા દિવસનો છે. સંવાદ અઢાર દિવસ ચાલતો નથી, યુદ્ધ અઢાર દિવસ ચાલે છે. પણ પહેલે દિવસે કાયર થયેલા, યુદ્ધ નહીં કરવાની ઇચ્છાવાળા અર્જુનને યુદ્ધ કરવા માટે તૈયાર કરવા માટે ભગવાને એક દિવસમાં કહેલા જ્ઞાનને મુનિ વેદવ્યાસ અઢાર પ્રકરણ રચીને અર્જુન સુધી પહોંચાડે છે.

અર્જુને પૂછ્યું કે, *'બ્રહ્મનું સ્વરૂપ શું છે ?'* તો ભગવાને પણ એક લીટીમાં જવાબ આપ્યો, *'ઉત્તમ અને અવિનાશી તે બ્રહ્મ છે. પ્રાણીમાત્રના શરીરમાં સ્વસત્તાથી જે રહે છે તે અધ્યાત્મ છે અને પ્રાણીમાત્રને ઉત્પન્ન કરી ત્યાગરૂપી અર્પણની ક્રિયાને કર્મ કહેવાય છે.'*

'અધિભૂત – અધિદૈવ'નો ભગવાને જવાબ આપ્યો છે કે, *'નાશવંત સ્વરૂપ તે અધિભૂત અને એને વિશે મારું જીવસ્વરૂપ તે અધિદૈવ. હે દેહધારીઓમાં શ્રેષ્ઠ અર્જુન ! હું વાસુદેવ જ આ શરીરમાં વિષ્ણુરૂપે અધિયજ્ઞ છું.'*

*'મૃત્યુકાળે મારું જ સ્મરણ કરતાં કરતાં જે કોઈ સાધક દેહને છોડીને જાય છે, તે મારા જ ભાવને પામે છે. એમાં કાંઈ શંકા નથી. તેથી બધા જ સમયે મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મન અને બુદ્ધિ મને અર્પણ કરવાથી શંકા વગર મને જ પામશો.'* ભગવાન અર્જુનની પાછળ લાગી ગયા છે અને વારેવારે યુદ્ધ કરવા માટે જણાવી રહ્યા છે. અર્જુનના મનમાં ઊઠેલી શંકાઓનો ઉલ્લેખ પણ ભગવાન વારંવાર કરે છે ને કહે છે કે, 'શંકા નહિ કર, શ્રદ્ધા રાખ.'

ભગવાનના અધ્યાત્મમાર્ગે ચાલવા માટે 'શ્રદ્ધા' એ જબરું બળ છે અને આપણી આખી સંસ્કૃતિ અને સંસ્કાર શ્રદ્ધા ઉપર ચાલે છે. પણ જ્યારે એની સાચી સમજ પ્રાપ્ત થતી નથી ત્યારે અંધશ્રદ્ધા ઊભી થાય છે, અને એને પરિણામે જે નહીં કરવાનું તે આપણે કરીએ છીએ. પણ સાચી શ્રદ્ધાની શીખ આપણને એવા સદ્ગુરુ પરમ સંત દ્વારા પ્રાપ્ત થાય છે. અધ્યાત્મમાર્ગે આગળ વધવા માટે, છીએ એ અવસ્થામાંથી ઊંચે ઊઠવા માટે, ગગનમાં વિહાર કરવા માટે બે પાંખ છે : શ્રદ્ધા અને વિશ્વાસ !

એક છે શ્રદ્ધા – મારા ઈષ્ટદેવને વિશેની મારી શ્રદ્ધા ! ભગવાન છે એટલે છે જ. સ્વામિનારાયણ ભગવાને સાકરના નારિયેળના દૃષ્ટાંતથી સમજાવ્યું છે કે, ભગવદ્ સ્વરૂપ જે છે, એમાં કોઈ ત્યાગભાગ નથી. એમાં કાંઈ શંકા કે વિક્તિ કરવાની રહેતી નથી. એનાં છીલકાં પણ સાકરનાં, એની કાચલી પણ સાકરની, એનું કોપરું પણ સાકરનું. સાકરનું નારિયેળ ભાંગીએ–ફોડીએ તો સાકર, સાકર ને સાકર જ મળે !

એનો બીજી રીતે અર્થ કરીએ તો સદા સાકાર. મારા જન્મ પહેલાં પણ પ્રભુનું પરમ તત્ત્વ હતું, મારા સમયકાળ દરમિયાન પણ પ્રભુનું પરમ તત્ત્વ છે અને મારા મર્યા પછી પણ એ તો સદાકાળ રહેવાનું છે; એ વ્યાખ્યા થઈ સાકારની. સદા દિવ્ય સાકાર પ્રગટ અને પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ એને ભગવાને સાકરના નારિયેળના દૃષ્ટાંતથી સમજાવ્યું. એમાં કશો ત્યાગભાગ છે નહીં, એમાં કશી વિક્તિ કરવાની છે નહીં, એમાંથી કશું કાઢી નાખવાનું–ફેંકી દેવાનું છે નહીં; માટે એમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખો.

અને બીજો છે વિશ્વાસ! શાસ્ત્રોમાં ઋષિ–મુનિઓએ પોતાના અનુભવનું જે જ્ઞાન પીરસ્યું છે, અને વર્તમાનકાળે મને જે પ્રગટ ગુણાતીત સ્વરૂપ મળ્યું છે તેમના વચનને વિશે વિશ્વાસ ! વિશ્વાસ કોનો રખાય? જેને કથન પાછળનો કોઈ પણ પ્રકારનો પોતાનો સ્વાર્થ ના હોય એના વચનમાં વિશ્વાસ રખાય. ઘણા લોકો આપણને ઘણું કહી જાય છે, ભરોસો આપી જાય છે, કારણ કે, એમના કથનની પાછળ એમનો પણ કાંઈક સ્વાર્થ જોડાયેલો હોય છે; અને ત્યારે એમના કહ્યા પ્રમાણે કરવામાં જોખમ પણ હોય છે. પણ જેનો પ્રેમ નિઃસ્વાર્થ ને નિઃર્વ્યાજ છે એવા પ્રભુ અને પ્રભુસ્વરૂપ સંતના વચનમાં અને શાસ્ત્રોમાં પણ ઋષિ–મુનિઓએ જે લખ્યું છે, એમાં એમનો કોઈ સ્વાર્થ નથી. જીવનું કલ્યાણ થાય, મોક્ષને માર્ગે પડે એને માટે જ એમણે લખ્યું છે; તો એમાં વિશ્વાસ રાખવો. આપણને તો ખબર નથી, આ માર્ગે આપણે ચાલ્યા નથી, આપણો કોઈ જાત અનુભવ નથી; તો પછી, જે અનુભવી છે એમણે જે આપણને કીધું છે એમાં વિશ્વાસ રાખવો.

આ સંસારમાં આપણે બસના ડ્રાઈવરથી માંડીને લંડન જતી ફ્લાઈટના પાઈલટ સુધી બધામાં વિશ્વાસ રાખીને આંખો મીંચીને બેસી જઈએ છીએ, ત્યાં કોઈ કશી તપાસ કરવા જતા નથી. પણ બાકીના કામમાં કેટલી પૂછતાછ કરીએ છીએ ? અને કેટલો વિશ્વાસ રાખીએ છીએ ?

જગત–વ્યવહાર પણ વિશ્વાસથી ચાલે છે. એક વિદ્યાર્થીને શિક્ષક એમ કહે કે, આ એકડો છે ને એમાં બીજો એકડો ઉમેરીએ એટલે બે થાય છે અને બેના ગુણાકારમાં બીજા બે મૂકીએ એટલે ચાર થાય છે; એમ માની લઈ, ધારી લઈને ગણિત શિખડાવવામાં આવે છે. જો એમાં શંકા કરીએ તો આપણે ગણિત શીખી શકીએ નહીં. અને છેલ્લે જ્યારે શૂન્યની કિંમત સમજાય છે ત્યારે ગણિતનો સાક્ષાત્કાર થઈ જાય છે. પણ માની લો, ધારી લો ત્યાંથી ગણિતનો દાખલો શરૂ થાય છે; એ વિશ્વાસની વાત છે.

ભગવાન આગળ કહે છે, *'આ સમયમાં યજ્ઞોમાં જપયજ્ઞ હું છું.'* અને આપણા માટે પણ આ સમયમાં થઈ શકે એવો કોઈ યજ્ઞ જો હોય તો એ 'જપયજ્ઞ' છે, જેને 'નામસ્મરણ' કહીએ છીએ. ભગવાને પણ અહીંયાં કહ્યું, *'તેથી બધા જ સમયે મારું સ્મરણ કર.'*

ગઈ કાલે વાત થઈ હતી એમ, ખાતાં–પીતાં, બેસતાં–ઊઠતાં, પહેરતાં–ઓઢતાં, હરતાં–ફરતાં – બધા જ સમયે, શુભ ક્રિયાને વિશે કે અશુભ ક્રિયાને વિશે ભગવાન કહે છે કે, *'મારું સ્મરણ કર અને યુદ્ધ કર !'* કોની સાથે યુદ્ધ કર? મનમાં ઊઠતી આશંકાઓની સાથે યુદ્ધ કર, શ્રદ્ધામાં, વિશ્વાસમાં ડગમગાટ કરાવે છે એની સાથે યુદ્ધ કર.

આપણે ઘરવાળાં જોડે કે આડોશી–પાડોશી સાથે યુદ્ધ નથી કરવાનું પણ પોતાની જાત સાથે યુદ્ધ કરવાનું છે. કારણ કે, ભગવાને ગઈ કાલે કહ્યું કે, *'તારો મિત્ર પણ તું છું ને તારો દુશ્મન પણ તું જ છું.'* તો એ દુશ્મન સાથે યુદ્ધ કરવાનું છે. અને એટલે ભગવાને કહ્યું, *'મન અને બુદ્ધિ મને અર્પણ કરવાથી, શંકા વગરના બન્યાથી એ મને જ પામશે.'* આવી રીતે ભગવાને એને અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞની જ્ઞાનની વાત સમજાવીને કહ્યું, *'અનન્ય ચિત્તથી જે સદાય મને સતત ભજે છે, એવા નિત્યયુક્ત યોગી માટે હે પાર્થ! હું સહજ પ્રાપ્ત છું.'*

'ભગવાન એમ કંઈ રસ્તામાં પડ્યા છે તે મળી જાય ?' એમ જે આપણે કહીએ છીએ. હા, મળી જાય ! જેમ કોઈ ખોવાઈ ગયેલી ચીજ મળે, એમ આટલાં વર્ષો સુધી જે આપણે ભૂલી ગયા હતા ને જે ખોવાઈ ગઈ હતી એ જે આપણી ચેતના, આત્મજાગૃતિ એ મળી જાય; અને કેવી રીતે મળી જાય? સહજ મળી જાય. સહજ એટલે વગર મહેનતે, વગર તકલીફે, વગર કશું કર્યે સહજતાથી મળી જાય, અને એટલે એવી સહજતાથી મળે તેવા પ્રભુએ આ યુગમાં પ્રગટ થઈને નામ ધારણ કર્યું 'સહજાનંદ'.

બહુ સુંદર શબ્દ વાપર્યો છે અહીંયાં ‘અનન્યચિત્તથી’. બીજો કોઈ વિકલ્પ જ નહીં એને અનન્ય કહેવાય. સંધિ છૂટી પાડીએ તો અનન્ય-ચિત્તથી. એટલે આગળ કહ્યું એમ, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં જે સદાય મારું સ્મરણ કરે છે, જેનું ચિત્ત એમાં જ પરોવાયેલું રહે છે અને સદાય સતત મને ભજે છે, ભજન મારું જ કરે છે, નામસ્મરણ અને રટણ જે સતત મારું જ કરે છે એવા ‘નિત્યયુક્ત’. ‘યુક્ત’ એટલે જોડાયેલો, ‘નિત્ય’ એટલે દરરોજ - 'નિત્યયુક્ત' એટલે દરરોજ જોડાયેલો. આપણને જે દિવસે ગરજ પડે-કામ પડે તે દિવસે જોડાઈએ છીએ. જ્યારે આ ભક્ત છે તે ‘નિત્યયુક્ત’ છે.

સંપ્રદાયની રીતે આપણને આપણા ઈષ્ટદેવની સેવા-પૂજા કરવાનો કાર્યક્રમ આપવામાં આવે છે. ઘરમાં પધરાવેલા ઠાકોરજી, નિત્યપૂજાના આપણા ઠાકોરજી કે જેને આપણે 'સેવા' કહીએ છીએ-‘નિત્યપૂજા’ કહીએ છીએ-ઠાકોરજીનું ‘નિત્યદર્શન’ કહીએ છીએ. ‘શિક્ષાપત્રી’માં પણ મહારાજે લખ્યું છે કે, ‘દરરોજ દેવમંદિરે જઈને ભગવાનનાં દર્શન કરવાં.’ વસ્તી પ્રમાણે, શહેરના વિસ્તાર પ્રમાણે નજીકમાં ક્યાંક ને ક્યાંક તો દેવસ્થાન હોય જ. સવારે કે સાંજે એ દેવસ્થાનનાં દર્શન કરવાનો નિત્ય નિયમ રાખ્યો હોય તો આવા ‘નિત્યયુક્ત’ રહેવાય. ‘નિત્યયુક્ત’ બહુ સુંદર શબ્દ વાપર્યો છે. અને એવો યોગી કે જે નિત્યયુક્ત જોડાયેલો છે તેના માટે *'હે પાર્થ ! હું સહજ પ્રાપ્ય છું.'* બહુ મોટું વરદાન છે ભગવાનનું. 'જે મને નિત્ય સંભારતો હોય એના માટે હું સહજ પ્રાપ્ય છું. કાંઈ કરવું પડશે નહીં. બસ મારું સ્મરણ, મારું રટણ અને મારું ભજન.' આપણાથી થઈ શકે એવો આ એક જ ઉપાય છે. બાકી અત્યારની આપણી સમાજવ્યવસ્થા અને આપણી જીવનચર્યા એવી છે કે, જેમાં આપણે ઋષિસંસ્કૃતિએ જે આચારસંહિતા બતાવી છે, દિનચર્યા બતાવી છે એવું કરી શકીએ એમ છીએ નહીં. આપણે ઇચ્છીએ તોપણ કરી શકીએ એમ છીએ નહીં; ત્યારે પ્રભુએ આપણને સહજપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે, જે આપણે કરી શકીએ એમ છીએ.

ભગવાનનું તત્ત્વ કેવું છે ? તેવું શ્રી ભગવાન કહે છે, *‘જે અવ્યક્ત અને અવિનાશી કહેવાય છે. જેને પરમ ગતિ પણ કહે છે, જેને પામીને ભક્તો પાછા ફરતા નથી, એ મારું પરમ ધામ છે.'* ‘સ્વર્ગ’ અને ‘પરમ ધામ’ એ બેમાં ફેર છે. અહીંયાં કરતાં અધિક સુખ મળે એવા લોકની જે કલ્પના છે એ સ્વર્ગ છે. એટલે અહીં થોડુંક આપ્યું હોય એ અધિક થઈને જે મળે એને સ્વર્ગલોક કહ્યો છે, દેવતાઓનો લોક કહ્યો છે. પણ ભગવાન જે કહે છે ‘મારું પરમ ધામ’ એ તો એનાથી પણ ઉપર છે. સ્વામિનારાયણ ભગવાને ‘વચનામૃત’માં ‘નિરન્નમુક્ત’થી શરૂ કરીને ‘અક્ષરમુક્ત’ સુધીના બધા લોકની વાત સમજાવી છે. ‘નિરન્નમુક્ત’ એટલે ‘નિર્ અન્ન’ અનાજ ખાય જ નહીં. જે અન્ન જ લેતો નથી અને ભગવાનની ભક્તિ કર્યા કરે છે તે નિરન્નમુક્ત છે. એનાથી આગળના બધા લોકનું વર્ણન આજે આપણે કરતા નથી. પણ ભગવાને જે કહ્યું કે, ભગવાનું જે ધામ છે એ - બધાં ધામની ઉપર 'પરમ ધામ' છે. ‘પરમ’ શબ્દ ! સર્વોચ્ચ જે ધામ છે એ ભગવાનનું ધામ છે. અને ભગવાન એમ કહે છે કે, ‘હું ત્યાંથી તમારા માટે આવ્યો છું.’

ઓરડાના પદમાં ભગવાન શું કહે છે? *“મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ; હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ..."* ‘અમૃત’ શબ્દ કહ્યો છે. જ્યાં મરણ જ નથી, તો ત્યાં જન્મ પણ નથી. એટલે કે, જન્મ-મરણના ફેરામાંથી છૂટી જઈને આત્મા સદા સનાતન પરમાત્માની સાથે એકરૂપ થઈ જાય છે એ મારું ધામ છે, પરમ ધામ છે. અને ત્યાંથી હું મનુષ્ય શરીર ધરીને તમારા માટે આવ્યો છું.

ભગવાને એમ કહ્યું કે, *‘જે મને પામીને જે ભક્તો પાછા ફરતા નથી...’* ‘પાછા ફરતા નથી’ના બે અર્થ કરીએ-‘પાછા પડતા નથી’ કારણ કે એને ભરોસો થઈ ગયો કે, હજાર હાથવાળો મારો પ્રભુ, મારી રક્ષામાં છે; તો એ કશેથી પાછો પડતો નથી. અને બીજું, જન્મ-મરણ, ગર્ભવાસના દુઃખમાં પાછો ફરતો પણ નથી. મુક્ત અવસ્થાને પામીને ભગવાનની સેવામાં જોડાઈ જાય છે.

એવી કલ્પના કરવામાં આવી છે કે, અક્ષરધામમાં મહારાજ તેજના ગોળાની મધ્યે બેઠા છે. 'મધ્ય-૧૩ના વચનામૃત'માં ભગવાનનો લોક કેવો છે? અને ભગવાનની સેવામાં દિવ્ય આકાર થઈને, દિવ્ય મૂર્તિ થઈને, ભગવાનના ભક્તો અને મુક્તો કેવી રીતે સેવામાં જોડાયા છે, ઊભા રહ્યા છે એનું પણ વર્ણન કર્યું છે. પણ આપણે તો અહીંયાં પૃથ્વીલોકની વાત કરવાની છે. અને ભગવાન અહીંયાં એ વાત સમજાવે છે.

‘અક્ષર’ની વાત સમજાવતાં ભગવાને કહ્યું, અ-ક્ષર જેનો ક્ષર-નાશ થતો નથી તેવું સદા દિવ્ય સાકાર પ્રગટ અને પ્રત્યક્ષ રૂપ તે 'અક્ષર' છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હમણાં જ ગોંડલમાં અક્ષર દેરીના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે મંત્ર આપ્યો કે, ‘પોતાની જાતને અક્ષર માનો.’ અને કેવો અક્ષર ? તો કે જે પુરુષોત્તમનો દાસ છે. ટૂંકા વાક્યમાં બહુ સુંદર રીતે એમણે કહ્યું કે, 'પુરુષોત્તમનો દાસ એવો હું અક્ષર છું.' પોતાની જાતને અક્ષર સ્વરૂપ માનો તો ઓશિયાળાપણું, બિચારાપણું, ગરીબપણું ચાલ્યું જશે અને જે પ્રાપ્તિ થઈ છે એનો કેફ, એની મસ્તી અને એની ધન્યતાથી જીવન પણ ધન્ય ધન્ય બનશે. એવી જાગ્રતતાથી જીવવું એ પ્રકાશનો માર્ગ છે.

જગતમાં પ્રકાશ અને અંધકારના બે માર્ગો સનાતનકાળથી ચાલ્યા આવે છે. એક મોક્ષનો માર્ગ છે, ને બીજો પાછા ફેરા ફરવાનો માર્ગ છે. આપણી પૌરાણિક કથાઓમાં દેવો અને દાનવોની વાત આવે છે. દેવો એટલે જે પ્રકાશને માર્ગે ચાલ્યા તે દૈવી તત્ત્વો સાથે જોડાયા અને દૈવત્વને પામી ગયા. અને દાનવો એટલે જે આસુરી તત્ત્વો સાથે જોડાયા અને આસુરી ભાવને પરિણામે જન્મ-મરણના ફેરામાં જોડાતા રહ્યા. આમ, આઠમો અધ્યાય 'અક્ષરબ્રહ્મ યોગ'માં પ્રભુના માર્ગે ચાલવા માટેનો ભગવાને અક્ષરરૂપ થવાનો, અક્ષરમય થવાનો એટલે કે સાદી ભાષામાં કહીએ તો ‘ગુરુમય’ થવાનો, ‘ગુરુમુખી’ થવાનો સહેલો ને સરળ માર્ગ સમજાવ્યો છે. (ક્રમશઃ) ◆